ભીલડી નજીક ખેટવા ગામની સીમમાં ‘યુવતી પર ગેંગ રેપ’ : બે સામે ફરિયાદ

ડીસા, તા.૨૩

દિલ્હી અને મુંબઈ ગેંગ રેપની ઘટના બની ત્યારે દેશ આખો રોડ પર આવી ગયો હતો અને ‘દામિની’ને અને પીડિત મહિલા પત્રકારને ન્યાય મળે તે માટે વ્યાપક દેખાવો થયા હતા. આવો જ એક ઘૃણાસ્પદ કેસ ડીસા તાલુકાના સોતમલા ગામે બનેલ છે. જેમાં કામાંધ બનેલા બે યુવકોએ એક પરણિત યુવતીને અપહરણ કરી આખી રાત બળાત્કાર ગુજારેલ હોવાનો બનાવ ભીલડી પોલીસમાં નોંધાવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ભીલડી પોલીસ હદનાં સોતમલા ગામની આ ઘૃણાસ્પદ ઘટનાની હકીકત એવી છે કે સોતમલા ગામમાં રહેતા અરજણભાઈ દેવીપુજકની બે દિકરીઓ હતી મોટી દીકરીને સુવાવડ હોઈ પરિવાર જનો ગત તા. ૨૨-૧૧-૨૦૧૩ના રોજ ભીલડી ગયા ત્યારે નાની દીકરી રાધાબેન દેવીપુજક પણ સાંજના સમયે સોતમલા ગામથી ભીલડી જવા રવાના થઈ હતી. જો કે રસ્તામાં બે મોટર સાયકલ સવાર બે યુવાનોએ તેને રોકી બળજબરીથી મોટર સાયકલ પર બેસાડી હતી જે બાદ આ બંને યુવકો તેને ખેટવા ગામની એક અવાવરુ જગ્યાએ આવેલા છાપરામાં લઈ ગયા હતા અને કામાંધ આ બંને યુવકોએ એ યુવતીને બળજબરીએ દારું પીવડાવ્યું હતું જેથી આ યુવતી અર્ધબેભાન થઈ હતી જે બાદ બંને હવસખોર યુવકોએ આખી રાત વારાફરતી આ યુવતીને પીંખી નાંખી હતી. રાતભર યુવતી સાથે બળાત્કાર કરી આ યુવકોએ એ યુવતીનાં કપડાં સંતાડી નવીન કપડાં પહેરાવી તેને મોટર સાકલ પર બેસાડી પરત ઘર પાસે ઉતારી રફુચક્કર થઈ ગયા હતા. દર્દથી કણસતી આ યુવતી રસ્તામાં જ ફસડાઈ પડી હતી જેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાઈ હતી જયાં હોશ આવતા આ યુવતીએ તેની સાથે થયેલા કુકર્મની વાત કરી હતી અને બાદ આ મામલે ભીલડી પોલીસે ફરિયાદ નોંધાઈ હતી. જો કે પોલીસે એફ.આઈ.આરમાં બે ઈસમો બતાવ્યા છે જયારે યુવતીએ અન્ય જીપ ચાલકે પણ તેની સાથે આ લોકોનો સાગરીત હોવાનું અને બળાત્કાર ગુજાર્યો હોવાનું જણાવેલ છે. ગેંગરેપ જેવી ઘટનામાં તો માત્ર ફાંસી નહીં જાહેરમાં ફાંસી આપવા માટે લડત ચલાવવી જોઈએ કેમ કે સુરક્ષિત અને સલામત ગુજરાતમાં તાજેતરમાં સહુથી વધુ ગેંગ રેપનાં બનાવો નોંધાવા પામ્યા છે. આ પીડિતને યોગ્ય રક્ષણ અને ન્યાય મળે તેવી મહિલા સંગઠનોએ પણ માંગ કરેલ છે.

જયારે બીજી તરફ આ કામે ભીલડી પી.એસ.આઈ., પી.એચ.આઈ. નાઈએ ભીલડી પોલીસ મથકે આરોપી એવા વિષ્ણુજી વદનજી ઠાકોર અને હકાજી ચેનજી ઠાકોર બંને રહે ખેતવા તાલુકો ડીસા વાળાઓ સામે આઈ.પી.સી. કલમ ૩૭૬ (૨) સામુહિક બળાત્કાર-૩૬૫-૩૨૮ મુજબ ગુનો દાખલ કરેલ છે જયારે યુવતીને ભીલડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર અપાવી તેનું મેડીકલ ચેકઅપ કરાવ્યું હતું અને ગુનાનાં બને આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરેલ છે.

(તસવીર : નિરવ સુથાર)

મોડાસાના જૂના વડવાસા નજીક બાઈક સવારને આંતરીને ૨.૭૦ લાખની લૂંટ

દૂધ મંડળીના સેક્રેટરી લિભોઈની બેંકમાંથી રૂપિયા ઉપાડી પરત ફરતા હતા : ઘાયલ સેક્રેટરીને મોડાસા સારવાર માટે દાખલ કરાયા

મોડાસા, તા.૨૩

મોડાસા તાલુકાની લિભોઈ બેંકમાંથી દૂધ મંડળીનો એક સેક્રેટરી રૂ. ૨.૭૦ લાખ રૂપિયાની રકમ લઈને પરત ફરતો હતો તે દરમિયાન કોઈક અજાણ્યા શખ્સે માથામાં પાવડાના ફટકા મારી બાઈક પરથી નીચે પાડી દઈ ૨.૭૦ લાખની લૂંટ ચલાવતાં ચકચાર પ્રસરી છે. મોડાસા રૂરલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ જૂના વડવાસાના ભાથીજી શિવસિંહ પરમાર મોડાસાના લિભોઈ ગામમાં આવેલી બેંકમાંથી દૂધ મંડળીનો પગાર રૂપિયા ૨.૭૦ લાખ લઈને પરત ફરતા હતા ત્યારે રોડની સાઈડમાં ઉભેલા શખ્સે અચાનક રોડ ખરાબ હોવાથી બાઈક ધીમી પડતાં માથમાં ફટકો મારતાં તેઓ બાઈક પરથી ફંગોળાઈ ગયા હતા. આ તકનો લાભ લઈને બાઈક પર ભરાવેલ ૨.૭૦ લાખની ભરેલ બેગ લઈ પાછળથી આવેલ હેલ્મેટધારી બાઈક સવાર સહિત ૨ શખ્સો ફરાર થઈ ગયા હતા. આમ એકએક આટલી મોટી રકમની લૂંટ થતાં ભારે ચકચાર પ્રસરી હતી. મોડાસા રૂરલ પી.એસ.આઈ. જે.આર. ઝાલા, ચંદ્રસિંહ દેવુસિંહ સહિતના સ્ટાફે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

મગફળીની ખરીદીમાં કાનૂન ભંગ કરતી સરકાર

મોડાસા, તા.૨૩

ચાલુ વર્ષે ખેડૂતોની ખેત ઉત્પન્ન મગફળીની ટેકાના બાંધેલા ૨૦ કીલોના રૂ. ૮૦૦ના ભાવે ખરીદવા રાજય સરકારે નાફેડ મારફતે વ્યવસ્થા કરી કેટલાક ખરીદ કેન્દ્રો ઉભાં કર્યા છે. મગફળી ફોલી દાણાના ઉતારા બંધ બેસે તો જ ખરીદ કરવાની શરત હોઈ મોટા ભાગના ખેડૂતોને પાછા આવવું પડે છે. પરંતુ જયાં ઉતારો બંધ બેસે તેની ખરીદ કર્યા પછી કિંમતના રોકડા રૂપિયા ચુકવવાના બદલે અનુકુળતાએ પૈસા લેવા કબુલાત લેવાય છે. જે પૈસા બબ્બે માસ સુધી ખેડૂતોને મળતા નથી.

સરકારે ખેત ઉત્પન્ન બજાર ધારો અમલમાં મુકેલ છે. જેમાં માલનાં નાણાં તુરત જ રોકડા આપવાની જોગવાઈ છે. તે મુજબ રાજયની બજાર સમિતિઓમાં ખેત ઉત્પન્નના વેચાતા માલના તોલ થયા પછી તુરત જ નાણાં ચુકવાય છે. જયારે સરકારની નાફેડ દ્વારા થતી ખરીદીમાં નાણાં રોકડા ચુકવાતાં નથી. સરકાર પોતે પોતાના કરેલ કાનુનનો છડેચોક ભંગ કરે છે. મગફળીની ખરીદીનાં નાણાં રાજયભરમાં ચુકવાતાં ન હોઈ લોન ભરવા મજબુરીથી ખેડૂત માલ વેચતો હોય છે ત્યારે તેને નાણાં ન ચુકવવાથી ખેડૂતો ભારે હાલાકીમાં મુકાયા હોવાનું નિવેદન કરતાં સાબરકાંઠા જલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને પૂર્વ ધારાસભ્ય અંબાલાલ ઉપાધ્યાયે જણાવેલ છે.

તેઓએ કહ્યું કે સરકાર પોતે પોતાના બનાવેલ કાનુનનો આડેધડ મનસ્વી પણે ભંગ કરે ત્યારે ખેડૂતો દાદ મેળવવા કયાં જાય? મગફળી ખરીદીનાં નાણાં તુરત જ ચુકવવા અંબાલાલ ઉપાધ્યાયે માંગ કરેલ છે.

કાંકરેજમાં દરજી સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાયો

કાંકરેજ તાલુકાના કાકર મુકામે સમોર માતાજીના મંદિરે કાંકરેજના સંત સદારામ બાપુના સાંનિધ્યમાં દરજી સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. જેમાં કાંકરેજ તાલુકાના જુદા જુદા ગામના દરજી સમાજના જ્ઞાતિ બંધુઓ તથા વિવિધ રાજકીય પક્ષોના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતાં. આ સંમેલનમાં વિવિધ મહાનુભાવોના હસ્તે સમાજના તેજસ્વી તારલાઓને પ્રમાણપત્ર અને ટ્રોફી તેમજ સ્કૂલબેગ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ઊંઝા પાસેના ઉનાવા ગામે પશુધનની ચોરી

ઊંઝા, તા.૨૩

ઊંઝા નજીકના ઉનાવા ગામે બાયપાસ હાઈવે પર આવેલ એક ખેતરની ઓરડીમાં બાંધેલ બે ભેંસો સહિત ચાર પશુઓની રાતના સમયે અજાણ્યા તસ્કરોએ ચોરી કરતા ચકચાર મચી જવા પામી હતી. ઉનાવા ગામના વિષ્ણુભાઈ કેશવલાલ પટેલનું ખેતર ઉનાવા બાયપાસ હાઈવે પર જાળેશ્વર મહાદેવના મંદિર પાસે આવેલું છે. આ ખેતરમાં ભેંસો બાંધવા માટે ઓરડી બનાવેલ હોઈ તેમણે તેમાં બે ભેંસો, એક પાડી તથા એક પાડો બાંધેલ હતા. આ ચાર અબોલ પશુઓ રાત્રિના સમયે કોઈ તસ્કરો ચોરી ગયા હતા. આ ચારેય પશુઓ ગઠીયાઓ કોઈ વાહનમાં ચઢાવીને લઈ ગયા હોવાની શંકા સેવાઈ રહી છે. ચોરાયેલ પશુઓની કિંમત આશરે સવા લાખ રૂપિયાની થવા જાય છે. આ બનાવ અંગે ઊંઝા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરેલ છે.

ધારાસભ્યની રજૂઆતથી પ્રાંતિજ તાલુકાના કિસાનો રવિ સિઝન સારી પાકશે

કિસાનો નહેરમાંથી પાણી લઈ શકશે

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં રવિ સિઝન કરી ખેડૂતો સારો પાક મેળવી શકે તે માટે નહેરનું પાણી એક સિઝન માટે લઈ શકશે.

ખેડૂતો રવિપાક સારી રીતે મેળવી શકે તેથી ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ સત્તાવાળા સમક્ષ ધારદાર રજૂઆત કરી હતી. જેમાં નહેરની સાફસૂફી કરી કેનાલમાંથી ખેડૂતો પાણી મેળવી શકે તે માટે મંજુરી આપવામાં આવી હતી. કેનાલમાંથી ખેડૂતો પાણી મેળવી શકશે તેથી પ્રાંતિજ તાલુકાના ખેડૂતો ખુશ-ખુશાલ થઈ ગયા છે.

તાલુકામાં ૭૦૦ હેક્ટર ઉપરાંત શિયાળુ પાકનું વાવેતર થાય છે. જેમાં કિસાનોને પાણીની સમસ્યા ખુબ જ સતાવે છે. તેથી ધારાસભ્યએ કરેલ રજુઆતથી સિંચાઈ વિભાગ દ્વારા મંજુરીની મહોર લગાવતા ખેડૂતો કવી સિઝન પકવી શકશે.

વિસનગરમાં સાડીઓની દુકાને તસ્કરો ત્રાટક્યા : સાડા પાંચ લાખની મત્તા ચોરી

મહેસાણા, તા. ૨૩

મહેસાણા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ગુનાખોરીએ હદ વટાવી દેતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તદન ખાડે ગયેલ છે. જિલ્લાના વિસનગર શહેરમાં સાડીઓની બે દુકાનમાંથી રાત્રીના સમયે રોકડ રકમ અને સાડીઓ મળીને કુલ સાડા પાંચ લાખની કિંમતની મત્તાની ચોરી થવા પામેલ છે.

વિસનગર શહેરની મધ્યમાં આવેલા ગોવિંદચકલા ખાતે સાડીઓની બે દુકાનો આવેલ છે. આ દુકાનો પર રાત્રીના સમયે તસ્કરો ત્રાટક્યા હતા અને આ તસ્કરોએ જાળીના દરવાજા તેમજ નકૂચા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ દુકાનમાં આવેલી તિજોરી તોડીને તેમાંથી દોઢ લાખ રૂપિયાની રોકડ રકમ તેમજ રૂપિયા ચાર લાખની કિંમતની સાડીઓની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. શહેરના મધ્યભાગમાં આવેલી આ દુકાનોમાંથી સાડા પાંચ લાખની કિંમતની મત્તાની ચોરી થતા વેપારીવર્ગમાં આશ્ચર્ય અને ફફડાટની લાગણી પ્રસરવા પામી હતી. આ બનાવ અંગે પોલીસ ફરિયાદ કરાતા પોલીસે ગુનેગારોને ઝબ્બે કરવા બનાવની વધુ તપાસ આરંભી હતી.

પાલનપુરની મીરાગેટ શાળામાં રાષ્ટ્રિય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૨૩

પાલનપુર શહેરમાં મીરાગેટ પ્રાથમિક શાળામાં શાળા આરોગ્ય કાર્યક્રમ રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ ૨૦૧૩-૧૪ સપ્તાહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ૨૦૧૩-૧૪ સપ્તાહ કાર્યક્રમ ઉદ્દઘાટન પ્રસંગે ધારાસભ્ય પાલનપુર મહેસભાઈ પટેલ, પ્રમુખ તાલુકા પંચાયત પાલનપુર ધનજીભાઈ સોલંકી સાહેબ, ઉપ-પ્રમુખશ્રી નગરપાલીકા પાલનપુર શ્રી અમૃતભાઈ જોષી, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી આર.આર. પરમાર સાહેબ, પ્રાંત ઓફિસર પાલનપુર સી.ડી. પી.ઓ. શશીબેન પાલનપુર, તાલુકા હેલ્થ ઓફીસર બી.ડી. બસવેચા, અર્બન હેલ્થ ઓફિસર - પાલનપુર ડૉ. મીનલબેન આર્ય, ટી.આઈ.સી.ઓ. શ્રી દિનેશભાઈ, મ.પ.હે.સુ. હસમુખભાઈ પટેલ, શાળા આચાર્ય મહેન્દ્રભાઈ દવે, આઈ.સી.ડી.એસ. સુપરવાઈઝર, મ.પ.હે.વ.ફી.હે.વ. ઉષાબેન તેમજ શિક્ષણગણ, આંગણવાડી કાર્યકરો તથા શાળાના બાળકો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સૌ પ્રથમ શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંગે તાલુકા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. બી.ડી. બસવેચા દ્વારા રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ કાર્યક્રમની રૂપરેખા અંગે માહિતી આપેલ ત્યારબાદ આ કાર્યક્રમમાં ૨૦૧૩-૧૪ સપ્તાહ કાર્યક્રમ ઉદ્દઘાટન પ્રસંગે ધારાસભ્યશ્રી પાલનપુર મહેસભાઈ પટેલ, પ્રમુખશ્રી તાલુકા પંચાયત પાલનપુર શ્રી ધનજીભાઈ સોલંકી, ઉપ-પ્રમુખશ્રી નગરપાલિકા પાલનપુર શ્રી અમૃતભાઈ જોષી, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી આર.આર. પરમાર સાહેબ, પ્રાંત ઓફિસર સાહેબ પાલનપુર દ્વારા દીપ પ્રાગટ્ય વિધિ કરવામાં આવે. તેમજ આવેલ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ.

અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર.આર. પરમાર દ્વારા આરોગ્ય કાર્યક્રમ રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ કાર્યક્રમ અંગે જન્મસમયની ખામી, ઉણપ, રોગો અને વિકાસલક્ષી વિલંબ અને વિકલાંગતા તેમજ ૦ થી ૧૮ વર્ષ સુધીનાં તમામ બાળકોને આખા જિલ્લામાં તબીબી અધિકારી દ્વારા અને આરોગ્ય કાર્યકર દ્વારા ઝુંબેશ સ્વરૂપમાં કામગીરી કરવામાં આવનાર છે. તે અંગે તમામ વાલીઓને તબીબી તપાસ સિવાયનું ન રહી જાય તે અંગે હાંકલ કરવામાં આવે. ત્યારબાદ પ્રમુખશ્રી તાલુકા પંચાયત પાલનપુર શ્રી ધનજીભાઈ સોલંકી સાહેબ દ્વારા આ કાર્યક્રમ આપણો છે. અને દરેક વાલીની ફરજ છે. તેમજ ગામ અને શહેરીજનોને આ કાર્યક્રમની ચર્ચા કરેલ. પ્રાંત ઓફીસર સાહેબશ્રી દ્વારા ૫ દિવસનાં કાર્યક્રમમાં સફાઈ, ઔષધિય વૃક્ષારોપણ, પ્રાથમિક આરોગ્ય તપાસણી, આઈ.ઈ.સી. પ્રવૃત્તિ ન્યુટ્રીશન ડે પ્રવુતિ, તબીબી તપાસ (બાળકો) વાલી મીટીંગ, સાંસ્કૃતિક કાર્યક્રમો, ઈનામ વિતણ, આરોગ્ય ગ્રામ સભા. અને પ્રદર્શન અંગે તમામ લાગતા વળગતા અધિકારીઓની મીટીંગ બોલાવી આ કાર્યક્રમ ખુબ સારો ચાલે તે અંગે હાકલ કરવામાં આવી હતી.

જેમાં ધારાસભ્ય પાલનપુર મહેશભાઈ પટેલ દ્વારા શહેરી તેમજ ગામ આગેવાનો આગેવાન હાજર તમામ મહાનુભવો તેમજ અધિકારી ગણનુ પુષ્પ ગુચ્છ અને શબ્દોથી સ્વાગત કરવામાં આવેલ અને સપ્તાહ કાર્યક્રમનું ઉદ્દઘાટન ધારાસભ્યશ્રી મહેશભાઈ પટેલે દીપ પ્રાગટ્ય કરીને તમામ મહાનુભવો સાથે રહીને સપ્તાહ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. પ્રસંગને અનુરૂપ ઉપસ્થિત મહાનુભાવો તેમજ અધિકારી ગણે ઉદ્દબોધન કરેલ ડૉ. આર.આર. પરમાર સાહેબે સપ્તાહ કાર્યક્રમની રૂપરેખા વિષે વિસ્તૃત સમજ આપેલ તેમજ ડૉ. બી.ડી. બસવેચા સાહેબે કામગીરી અને શાળા આરોગ્યના લાભો વિષે સમજાવેલ. ત્યાર બાદ આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા ગ્રેડમાંથી સારા થયેલા બાળકોને મહાનુભવો હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા.

પાલનપુર-આબુ હાઈવે પરના ગમખ્વાર અકસ્માતમાં મહિલાનું કરૂણ મોત

બનાસકાંઠાના જિલ્લામાં અકસ્માતોના બનાવો રોજીંદા બની ગયા છે. ગઈકાલે આબુ હાઈવે પર ચિત્રાસણ નજીક શટલીયા જીપ અને લોડીંગ રિક્ષા વચ્ચેના ગમખ્વાર અકસ્માતમાં પાલનપુરની એક મહિલાનું કરૂણ મૃત્યુ થયું હતું અને છ જણને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. આ ગમખ્વાર અકસ્માત અંગે પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે લગ્ન રસોડાનું કામકાજ પતાવી પરત ફરતા રસોઈકામના માણસો રિક્ષા નં. જીજે-૮-૩૨૩૮માં પસાર થતા હતા તે દરમિયાન પુરપાટ ઝડપે આવતી જીપ નં. જીજે-૯ એમ ૫૭૯૭ના ચાલકે ટકકર મારતા નજમાબાનુ ઈબ્રાહીમ ધુવારા (ઉ.વ.૩૫)નું ઘટના સ્થળે જ મૃત્યુ થવા પામ્યું હતું તેમજ અન્ય મુસાફરોને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. આ ઘટના અંગે પોલીસમાં ફરિયાદ કરાતા પીએસઆઈ બેલીમ અને સ્ટાફે તપાસ આદરી હતી તેમજ ઘાયલોને પાલનપુર સિવીલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

હિંમતનગરના કાંકરોલ ગામ નજીક બાઈક સ્લીપ ખાઈ જતા એકનું મોત : એક ગંભીર

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના કાંકરોલ ગામ નજીક શનિવારે સાંજે ૫ વાગેના સુમારે શામળાજી તરફથી બાઈક લઈ હિંમતનગર તરફ આવતા હતા ત્યારે અચાનક બાઈક પર કાબુ ગુમાવતા બાઈક રોડ સાઈડના ડીવાઈડર સાથે ટકરાતા બાઈક ચાલક હાલ હિંમતનગરના પોલોગ્રાઉન્ડમાં રહેતા અને મજુરી કરતા મૂળ રાજસ્થાનના ડુંગરપુર તાલુકા જિલ્લાના ગામડીદેવલના ૩૦ વર્ષીય રમણભાઈ બદાભાઈ લીમ્બાતને શરીરે ગંભીર ઈજાઓ થતા સ્થળ પર મોત નીપજ્યું હતું જ્યારે બાઈક પર સવાર હાજાભાઈ ભગોરાને શરીરે ગંભીર ઈજાગ્રસ્તને ૧૦૮ દ્વારા હિંમતનગર સિવિલમાં સારવાર માટે ખસેડાયા હતા.

બનાવ અંગે હિંતમનગર ટાઉન પોલીસમથકે જાણ થતા સ્થળ પર પહોંચી લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એકસકલુસિવ શો-રૂમ

AGL Radhe
TILES WORLD
ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૫૨૬૨૨૦૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ તથા મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE
કેસ્ટ્રોલ
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન